
# વિકાસમાં મહિલાની નિર્ણાયક ભૂમિકા

## મહિલાઓ સામે અન્યાય અને અત્યાચારનો અંત લાવવા સરકાર કટિબદ્ધ : મોદી

નવીદિલ્હી,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પ્રસંગે આજે શુભેચ્છાઓ આપી હતી અને કહ્યું હતું કે, મહિલાઓ સામે અત્યાચાર અને ગુનાઓના કારણે તમામ લોકોનું માથુ શરમથી ઝુંકી જાય છે. મહિલાઓને પૂર્ણ સન્માન મળે તે ખુબ જરૂરી છે. મહિલાઓ સામે અત્યાચાર અને ગુનાઓના બનાવ અંગે આજે દુખ વ્યક્ત કર્યું હતું અને મહિલાઓ સામે અન્યાયના તમામ સ્વરુપનો અંત લાવવા અપીલ કરી હતી. મોદીએ ખાતરી આપી હતી કે, આજે અમે મહિલાઓને અમારી વિકાસની યાત્રાના અખંડ ભાગ બનાવવા અને વિકાસની પ્રવૃત્તિમાં એક સમાન તક આપવા માટે કટિબદ્ધ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, મહિલાઓના જીવન ધોરણમાં હકારાત્મક પરિવર્તન લાવવા કેન્દ્ર સરકાર કટિબદ્ધ છે. ભારતની પ્રગતિમાં પણ મહિલાઓની ભૂમિકા વધે તેના માટે સરકાર કટિબદ્ધ છે. આ ઉદ્દેશ્યને હાસલ કરવા માટે સરકાર દ્વારા ઘણા પગલા લેવામાં આવી પણ ચુક્યા છે. બેટી બચાવ બેટી પઢાઓ યોજના અને સુકન્યા સમૃદ્ધિ યોજના જેવી મહિલા લક્ષી યોજનાઓની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, સરકાર બાળકી પ્રત્યે અગાઉના વલણને બદલી નાંખવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. મોદી સરકાર દ્વારા અગાઉ પણ કેટલાક પગલા બાળકી અને મહિલાઓને ધ્યાનમાં લઈને લેવામાં આવ્યા છે. બજેટમાં પણ મહિલાઓને ધ્યાનમાં લઈને કેટલાક પગલા લેવાયા છે. તાજેતરના સમયમાં મહિલાઓ સામે વધતા અપરાધને લઈને




મોદીએ મુદ્દો ઉઠાવ્યો હતો અને મહિલાઓ સામે ગુનાઓને રોકવા તાકીદ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૮મી માર્ચના દિવસે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. વર્ષોથી આ પરંપરા ચાલી રહી છે. યુનિવર્સલ સાથે પણ આના સંબંધ રહેલા છે. આની શરૂઆતને લઈને પણ ઈતિહાસ રહેલો છે. ઘણા બધા લોકો આને જુદી જુદી રીતે ગણે છે. જર્મન કોસ્ટલમાં જાણવા મળે છે કે, ૮મી માર્ચ ૧૯૧૪માં પ્રથમ વખત આની ઉજવણી થઈ હતી. હવે આનુ મહત્વ વધી ગયું છે. જુદા જુદા દેશોમાં મહિલાઓની ભૂમિકા વધુ મજબૂત થઈ રહી છે. રાજકીય અને સામાજિક ક્ષેત્રે તેમની ભૂમિકા વધારવામાં આવી રહી છે. ૧૯મી માર્ચ ૧૯૧૧ના દિવસે પણ એક નવી પહેલ કરવામાં આવી હતી. મોદીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર ખુબ જ પ્રેરક સંબોધન કર્યું હતું. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. હાલમાં જ નિર્ભયા ગેંગરેપનો મામલો ડોક્યુમેન્ટરી ફિલ્મને લઈને ફરી સપાટી ઉપર આવ્યો છે.

---

**પ્રશાંત ભૂષણ ઉપર આશુતોષના આકરા પ્રહારો**

## એએપીમાં હજુ પણ તિરાડ યથાવત છે : આક્ષેપનો દોર

નવી દિલ્હી,તા. ૮

આમ આદમી પાર્ટીમાં ખેંચતાણનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. વધુ એક મોટા ઘટસ્ફોટના ભાગરુપે એએપીના નેતા આશુતોષે આજે કહ્યું હતું કે, પ્રશાંત ભૂષણે એક વખતે પાર્ટીને ખતમ કરી દેવાની ધમકી પણ આપી હતી. પાર્ટીના કન્વીનર તરીકે અરવિંદ કેજરીવાલના રાજીનામાની માંગ પણ કરી હતી. આશુતોષે કહ્યું છે કે, અગાઉ પાર્ટીની બેઠક દરમિયાન ઘણા પ્રશ્નો અરવિંદ કેજરીવાલ અંગે ઉઠાવવામાં આવ્યા હતા. તેઓ જવાબ આપવા માટે ઉભા થયા હતા. આશુતોષે કહ્યું છે કે, કેજરીવાલે એ વખતે કહ્યું હતું કે, તેઓ રોબર્ટ વાઢેરા, મુકેશ અંબાણી અને નરેન્દ્ર મોદી સામે લડી શકે છે પરંતુ તેમના પોતાના લોકો સામે લડી શકે તેવી સ્થિતિમાં નથી. આશુતોષને ટાંકીને અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પાર્ટીના બળવાખોરો કેજરીવાલ સામે હજુ પણ કાવતરા ચલાવી રહ્યા છે. લોકોની અંદર આ મુદ્દાઓ જાય તેમ અમે ઈચ્છતા નથી પરંતુ કન્વીનરના હોદ્દા પરથી કેજરીવાલને દૂર કરવાના પ્રયાસો કરાયા હતા. ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં પ્રશાંત ભૂષણે કઠોર શબ્દોમાં કેજરીવાલને પત્ર લખ્યો હતો અને એવી ધમકી પણ આપી હતી કે, જો તેઓ રાજીનામુ આપશે નહીં તો પાર્ટીને ખતમ કરી દેવામાં આવશે. આશુતોષે આ નિવેદન કરીને પાર્ટીમાં ચાલી રહેલી લડાઈ વધારી દીધી છે. આશુતોષનું કહેવું છે કે, પ્રશાંત અને યોગેન્દ્ર યાદવ તેમના ઘરમાંથી બહાર આવી ગયા છે અને હવે તેમને દૂર કરાયા છે. એએપીના અન્ય એક નેતા મનિષ સિસોદિયાએ કહ્યું છે કે, રાષ્ટ્રીય કારોબારીમાં ઘણા નિર્ણય કરાયા હતા. કમનસીબ રીતે વિવાદોનો અંત આવ્યો નથી.

## કેન્દ્રીય બજેટ ફાળવણીથી હેલ્થકેર સેવાને પ્રોત્સાહન

નવીદિલ્હી, તા. ૮

દિલ્હી કોંગ્રેસના નવા પ્રમુખ તરીકેની જવાબદારી આજે સંભાળી લીધા બાદ અજય માંકને એએપીની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, એએપી દ્વારા ખોટા વચનો આપવામાં આવી રહ્યા છે. કામ કરવામાં આવી રહ્યું નથી. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સંપૂર્ણરાજ્યના દરજ્જાની માંગ કરી રહ્યા છે. દિલ્હી માટે હરિયાણાના પાણીની માંગ પણ કરી રહ્યા છે. તેમની નિષ્ફળતાને છુપાવવા માટે બિન જરૂરી માંગ થઈ રહી છે. કેજરીવાલ પોતે પણ જાણે છે કે, તેમની આ માંગણી ક્યારે પણ સંતોષી શકાશે નહીં. પાર્ટીએ શહેરની રાજનીતિની માર્જિન ઘટાડી દીધી છે. વિધાનસભાની ચૂંટણી કોંગ્રેસ પાર્ટીને એક પણ બેઠક મળી ન હતી. કોંગ્રેસ પાર્ટી સામે ઘણા પડકારો રહેલા છે. પાર્ટી વાસ્તવિકતાના માર્ગ ઉપર રહીને વાપસી કરી શકે છે. ચૂંટણીમાં ભાજપે પણ ખોટા વચનો આપ્યા હતા તેને પાળી શકાયા નથી. કાળા નાણાના મુદ્દે નરેન્દ્ર મોદીએ ખોટા વચન આપ્યા હતા જેના કારણે તેની હાર થઈ છે. કેજરીવાલ ઉપર પ્રહાર કરતા માંકને કહ્યું હતું કે, એકબાજુ કેજરીવાલ સારવાર લઈ રહ્યા છે ત્યારે બીજી બાજુ તેમની પાર્ટી વિખવાદમાં ઘેરાયેલી છે. કેજરીવાલ મોદી પાસે માંગ લઈને ગયા હતા. તેઓ જાણે છે કે, ભાજપે તેના ઢંઢેરામાં આવું વચન આપ્યું ન હતું. કેજરીવાલે ત્યારબાદ હરિયાણા પાસેથી પાણીની માંગ કરી હતી. બંને રાજ્યો આ સ્વીકારશે નહીં તે વાત પણ જાણિતી રહી છે. એએપી સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. માંકનની સાથે આજે કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના અન્ય નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## કોંગ્રેસની કારમી હાર માટે પેકેજ કારણ : ચિદમ્બરમ

નવીદિલ્હી, તા. ૮

પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમે એમ કહીને કોંગ્રેસની છાવણીમાં સનસનાટી મચાવી દીધી છે કે, યુપીએ ગઠબંધનની ૨૦૧૪ની ચૂંટણીમાં હાર માટે ૨૦૦૮-૦૯માં સરકાર દ્વારા જાહેર પેકેજ મુખ્ય કારણરુપ છે. આ પ્રોત્સાહન પેકેજની જાહેરાત સરકારે વૈશ્વિક મંદીમાંથી બહાર આવવા માટે અને અર્થતંત્રને ગતિ આપવા માટે કરી હતી. એ વખતે નાણામંત્રી તરીકે પ્રણવ મુખરજી હતા. ચિદમ્બરમે કહ્યું હતું કે, પેકેજ મારફતે સરકારે ફિસ્કલ કન્સોલિડેશન ધારાધોરણોનો ભંગ કર્યો હતો. આના પરિણામો એ થયા કે, મોંઘવારી સાતમાં આસમાને પહોંચી ગઈ હતી. ચિદમ્બરમ જ્યારે નાણામંત્રી હતા ત્યારે તેઓએ રાજ્યસભામાં કહ્યું હતું કે, સ્થાનિક સમસ્યાઓના પરિણામે ભારતીય અર્થતંત્રની હાલત ખુબ જ ખરાબ છે. અમે ખાદને રાહત આપવાના બદલે તેને વધારી રહ્યા છે. વર્તમાન ખાતાકીય ખાદ્યને પણ જગ્યા આપવામાં આવી રહી છે. વર્તમાન ખાતાકીય ખાદ્ય અને મહેસુલી ખાદ્યમાં વધારો ૨૦૦૯-૨૦૧૧ વચ્ચે લેવામાં આવેલા કેટલાક પગલાના કારણે થયો હતો. ચિદમ્બરમે લોકસભામાં કહ્યું હતું કે, જ્યારે તેઓએ નાણામંત્રાલયની જવાબદારી સંભાળી ત્યારે તેમને માહિતી હતી કે, રસ્તો ખુબ જ મુશ્કેલ છે. પ્રોત્સાહન પેકેજના પરિણામો એ આવ્યા કે, સરકાર કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ, રેવન્યુ ડેફિસિટ અને ફિસ્કલ ડેફિસિટના ટાર્ગેટને હાંસલ કરી શકી ન હતી. જેના પરિણામ સ્વરુપે મોંઘવારીનો દર ૧૪ ટકા સુધી પહોંચી ગયો હતો. મોંઘવારી આસમાને પહોંચતા સામાન્ય લોકો યુપીએની વિરુદ્ધમાં થઈ ગયા હતા. જેટલી દ્વારા રજૂ કરવામાં આવેલા બજેટમાં ચિદમ્બરમ અભ્યાસ કરી ચુક્યા છે. ચિદમ્બરમ કહી ચુક્યા છે કે, બજેટ ઈક્વિટી અને ફિસ્કલ કન્સોલિડેશનના મોરચે નિષ્ફળ છે.

---

## આઇઆઇપી અને ફુગાવાના આંકડા ઉપર બજારની નજર

મુંબઈ, તા. ૮

શેરબજારમાં આ સપ્તાહના કારોબારા દરમિયાન આર્થિક આંકડા, વિદેશી રોકાણ અને ક્રુડ ઓઈલની કિંમતના આંકડાની અસર જોવા મળી શકે છે. આ તમામ પરિબળો શેરબજાર માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. શેરબજાર સાથે જોડાયેલા નિષ્ણાંતો કહે છે કે જાન્યુઆરી માટેના ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ડેટા ગુરૂવારે જારી કરવામાં આવનાર છે. એ જ દિવસે સંયુક્ત કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ (સીપીઆઈ)ના આંકડા જારી કરવામાં આવનાર છે. કેપિટલ વાયા ગ્લોબલ રિસર્ચ લિમીટેડના ડિરેક્ટર વિવેક ગુપ્તાએ કહ્યું છે કે નજીકના સમયમાં ઈન્ડેક્સની મુવમેન્ટ ૧૨મી માર્ચના દિવસે જાહેર કરવામાં આવનાર સીપીઈ અને આઈઆઈપી ડેટા પર આધારિત રહેશે. ટુંક સમયમાં શેરબજારમાં ઉથલપાથલ જારી રહી શકે છે. ભારતીય શેરબજારમાં આવતીકાલે યુએસ જોબ ડેટાની સીધી અસર જોવા મળી શકે છે. શુક્રવારના દિવસે યુએસ જોબ ડેટા જારી કરવામાં આવ્યા હતા. નવા આંકડા દર્શાવે છે કે અમેરિકામાં બેરોજગારીનો દર ૫.૭ ટકાથી ઘટીને હવે ૫.૫ ટકા થઈ ગયો છે. ફેબ્રુઆરી મહિનામાં ૨૯૫૦૦૦ લોકોને રોજગારી મળી છે. નવેસરના સરકારી આંકડામાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. શેરબજારની ચાંપતી નજર હાલમાં ચાલી રહેલા સંસદના બજેટ સત્ર પર પણ રહેશે. મોટાભાગના માર્કેટમાં મંદીના સંકેત છે ત્યારે ભારતીય બજારોમાં એફઆઈઆઈ પ્રવાહ જારી રહ્યો છે. આગામી સપ્તાહમાં તેજીના સંકેત છે. એડલેબ એન્ટરટેઈનમેન્ટ ના આઈપીઓ ૧૦મી માર્ચના દિવસે ખુલશે અને ૧૨મી માર્ચના દિવસે બંધ થશે.

## રેલવેમાં બે મોટી એફડીઆઈ દરખાસ્તોને લીલીઝંડી મળી

નવી દિલ્હી,તા, ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેક ઈન ઈન્ડિયા અભિયાન સાથે રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ ૨૪૦૦ કરોડના ખર્ચે બિહારમાં ડિઝલ અને ઈલેક્ટ્રીક લોકોમોટીવ પ્લાન્ટસ સ્થાપિત કરવા માટે બે મોટી એફડીઆઈ દરખાસ્તને મંજૂરી આપી દીધી છે. માધેપુરા ઈલેકટ્રિક લોકોમોટિવ પ્લાન્ટ અને મારહોરા ડીઝલ લોકોમોટિવ પ્લાન્ટના ભાવિને લઈને ચાલી રહેલા સસ્પેન્સનો હવે અંત આવી ગયો છે. રેલવે દ્વારા વ્યાપક વિલંબ થયા બાદ હાઈ વેલ્યુ જોઈન્ટ વેન્ચર પ્રોજેક્ટ માટે ફાયનાન્સિયલ બિડિંગને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. બિડિંગ દસ્તાવેજોમાં વારંવાર સુધારા કરવામાં આવ્યા હત. રેલવે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે બન્ને પ્લાન્ટ માટે ફાયનાન્સિયલ બિડિંગ દસ્તાવેજ સાથે સંબંધિત રિકવેસ્ટ ફોર પ્રપોઝલ તૈયાર કરી લેવામાં આવી છે. ટુંકી યાદી પસંદ કરવામાં આવ્યા બાદ બિડરો દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ચાર ગ્લોબલ કંપની એલસ્ટોમ, સિમન્સ, જીઈ અને બોમ્બાર્ડિયરની ટુકી યાદી તૈયાર કરવામાં આવી છે. માધેપુરામાં સૂચિત ઈલેકટ્રીક લોકોમોટિવ ફેક્ટરી માટેની આ ટુંકી યાદી તૈયાર કરાઈ છે. ફેક્ટરીનો અંદાજિત ખર્ચ ૧૨૦૦-૧૨૦૦ કરોડ રૂપિયા રહેશે. ફાયનાન્સિયલ બિડિંગ ૩૧મી ઓગસ્ટના દિવસે ખોલવામાં આવશે. બે વખત બીડ પહેલા બેઠકો યોજાઈ હતી.

રેલવે સેક્ટરમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપી દેવામાં આવી છે. બે લોકોમોટિવ પ્લાન્ટ આના ભાગરુપે જ જોઈન્ટ વેન્ચર મોડલમાં સ્થાપિત કરવામાં આવનાર છે. પીએમઓ દ્વારા જેના ઉપર નજર રાખવામાં આવી રહી છે તે ટોપ આઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ પૈકીના આ બે પ્રોજેક્ટ છે. માધેપુરા ખાતેનો પ્લાન્ટ ખુબ જ ઉપયોગી સાબિત થશે. અહીં ૧૧ વર્ષમાં ૮૦૦ ઈલેક્ટ્રીક લોકોમોટિવ તૈયાર થશે. જ્યારે પાંચ ઈલેક્ટ્રીક લોકોમોટિવ આયાત કરવામાં આવશે. બિડિંગની શરત મુજબ માધેપુરામાં ૭૯૫નું નિર્માણ થશે. મરહોરા પ્લાન્ટમાં ૪૫૦૦ એચપી અને ૬૦૦૦ એચપીના ડિઝલ લોકોમોટિવ બનાવાશે. રેલવે દ્વારા ૨૬ ટકા ઈક્વિટી રહેશે જ્યારે આ બંને પ્લાન્ટમાં વૈશ્વિક કંપનીની ઈક્વિટી દરેકમાં ૭૪ ટકાની આસપાસ રહેશે.

## નાણામંત્રી ૨૨મીએ આરબીઆઈ બોર્ડની સાથે ચર્ચા કરશે

નવીદિલ્હી, તા. ૮

નાણામંત્રી અરુણ જેટલી ૨૨મી માર્ચના દિવસે રિઝર્વ બેંકના બોર્ડના સભ્યો સાથે વાતચીત કરશે. ફિસ્કલ ડેફિસિટને કાબૂમાં લેવા અને આર્થિક વિકાસને વેગ આપવા વર્ષ ૨૦૧૫-૧૬ માટેના બજેટમાં લેવામાં આવેલા પગલા અંગે માહિતી આપવામાં આવશે. સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, આ બેઠક ૨૨મી માર્ચના દિવસે યોજાશે જેમાં બોર્ડના સભ્યો સાથે અન્ય મુદ્દાઓ ઉપર પમ ચર્ચા થશે. બજેટમાં કરવામાં આવેલી વિકાસલક્ષી જાહેરાતોનો મુદ્દો છવાશે. એવું જાણવા મળી રહ્યું છે કે, બજેટની પરંપરા મુજબ જ આરબીઆઈ બોર્ડ સાથે વાતચીત કરશે. આરબીઆઈ બોર્ડમાં ગવર્નર અને પ્રવર્તમાન ત્રણ ડેપ્યુટી ગવર્નર રહે છે. ૨૮મી ફેબ્રુઆરીના દિવસે જેટલીએ બજેટ રજૂ કર્યું હતું. તેઓ ફિસ્કલ ડેફિસિટને કાબૂમાં લેવા માટે લેવામાં આવેલા પગલા અંગે વાત કરશે. સાથે સાથે વિકાસને વેગ આપવા વ્યાજદરમાં ઘટાડો કરવાની રજૂઆત કરશે. રિઝર્વ બેંકે હાલમાં જ ચોથી માર્ચના દિવસે રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. રિઝર્વ બેંકને રેટમાં કાપ બદલ અભિનંદન પણ આપવાના મુડમાં દેખાઈ રહ્યા છે. પોલિસી અથવા તો રેપોરેટમાં જાન્યુઆરી બાદથી બીજી વખત ઘટાડો કરાયો છે.

## સમાચાર ઝલક

- સિદ્ધપુર પાસે લકઝરી બસનું ટાયર ફાટતાં બસે પલ્ટી ખાધી ૧ નું મોત.
- ભાભર નજીક નર્મદા કેનાલમાં વારંવાર પડતાં ગાબડાં મીલી ભગતની વ્યકત કરાતી શંકા.
- માતર તાલુકાના આલિન્દ્રા ગામે રોગચાળો ફાટી નીકળ્યો : ઝાલા ઉલ્ટીના સંખ્યાબંધ કેસ.
- શાકભાજીના ભાવમાં છેલ્લા સપ્તાહમાં ૬૭ ટકાનો ભાવ વધારો થયો. ડુંગળી-બટાકા સિવાય તમામ શાક મોંઘા બન્યા.
- ભોજપુરી અભિનેતા પવનસિંહની પત્નીએ આત્મહત્યા કરી.
- મહારાષ્ટ્રમાં તમાકુના વ્યસનીઓ ઉપર કડક કાયદા અમલમાં આવશે.
- આઉટલુકના સ્થાપક ને વરિષ્ટ પત્રકાર શ્રી વિનોદભાઈ મહેતાનું ૭૩ વર્ષની વયે અવસાન.
- બ્રાઝિલમાં ગોળીબારમાં ૧૧ નાં મોત.
- લિવ ઈન રિલેશનના વિવાદમાં મળશે રેપની સજા.
- કાંકરીયા મલ્ટી સ્ટોરેડ પાર્કિંગમાં હવેથી મફત પાર્કિંગ કરી શકાસે.
- મેકિસકોના ઉંચા પર્વત પરથી બરફમાં ઢંકાયેલા બે મમી મળ્યા.
- મુસાફરી માટે ૭૮ ટકા ભારતીય સ્ત્રીઓ માને છે ભારતને સુરક્ષિત સ્થળ.
- ગુગલ પર ડુડલ દ્વારા મહિલા દિવસનું સેલિબ્રેશન.

---

## ભારતમાં સ્વાઈન ફ્લુથી વધુ ૩૦ના મોત : મૃતાંક ૧૩૧૯

નવીદિલ્હી, તા.૮

ભારતમાં સ્વાઈન ફ્લુથી વધુ ૩૦ લોકોના મોત થતાં મોતનો આંકડો વધીને ૧૩૧૯ સુધી પહોંચી ગયો છે. કિલર બનેલા સ્વાઈન ફ્લુના કારણે દેશના મોટા ભાગના રાજ્યો સકંજામાં આવી ગયા છે. રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક સહિતના રાજ્યો ભારે મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. મધ્યપ્રદેશમાં મોતનો આંકડો સતત વધી રહ્યો છે. આરોગ્ય મંત્રાલય દ્વારા આ આંકડા જારી કરીને જણાવવામાં આવ્યું છે કે, દેશના જુદા જુદા ભાગોમાં સ્વાઈન ફ્લુએ ભારે આતંક મચાવ્યો છે. સ્વાઈન ફ્લુથી હજુ સુધી ૧૩૧૯ લોકોના મોત થઈ ચુક્યા છે. આ વર્ષે છટ્ટી માર્ચ સુધીના આંકડાઓ દર્શાવે છે કે, વિવિધ રાજ્યોના સ્વાઈન ફ્લુ



ગ્રસ્ત કેસોની સંખ્યા ૨૪૬૬૧ નોંધાઈ છે. મંત્રાલયનું કહેવું છે કે, સ્વાઈન ફ્લુથી દેશમાં મોતનો આંકડો ૧૩૦૦થી ઉપર પહોંચી ગયો છે. જ્યારે અસરગ્રસ્ત લોકોની સંખ્યા પણ ઉંચી નોંધાઈ છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લુના કારણે અસરગ્રસ્ત લોકોની સંખ્યા સૌથી વધુ નોંધાઈ છે. અહીં મોતનો આંકડો ૩૨૪ સુધી પહોંચી ગયો છે જ્યારે પડોશી રાજસ્થાન રાજ્યમાં પણ સ્વાઈન ફ્લુથી મોતનો આંકડો ૩૦૦ના આંકડાને પાર કરી ચુક્યો છે. જ્યારે અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૫૮૯૮ સુધી પહોંચી છે. મહારાષ્ટ્રમાં મોતનો આંકડો ૨૦૧ ઉપર પહોંચ્યો છે જ્યારે અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૨૩૮૬ સુધી પહોંચી છે. મધ્યપ્રદેશમાં આ રોગથી હજુ સુધી ૧૮૬લોકોના મોત થઈ ચુક્યા છે. અસરગ્રસ્ત લોકોની સંખ્યા પણ ખુબ ઉંચી છે. દિલ્હીમાં સ્વાઈન ફ્લુથી મોતનો આંકડો ૧૦ ઉપર પહોંચ્યો છે. સ્વાઈન ફ્લુથી અન્ય જે રાજ્યો અસરગ્રસ્ત થયા છે તેમાં કર્ણાટક, તેલંગાણા, કેરળ, હરિયાણા, પંજાબ, તમિળનાડુનો સમાવેશ થાય છે. કાશ્મીરમાં પણ સ્વાઈન ફ્લુના કારણે એકનુ મોત થયુ હતુ. જેથી અહી મોતનો આંકડો વધીને ૬૭ ઉપર પહોંચી ગયો છે. તેલંગણામાં ૬૧ લોકોના મોત થયા છે જ્યારે કેસની સંખ્યા ૧૭૩૧ઉપર પહોંચી ગઈ છે.

## મારામારી બદલ આદિત્ય પંચોલીની ધરપકડ કરાઈ

મુંબઈ,તા. ૮

બોલિવુડના સ્ટાર અભિનેતા આદિત્ય પંચોલીની ગઈકાલે મોડી રાત્રે ધરપકડ કરી લેવામાં આવી હતી. એક ફાઈવ સ્ટાર હોટેલના પબમાં હિન્દી ગીત નહી વગાડવાના કારણે આદિત્ય પંચોલીએ હોબાળો મચાવ્યો હતો. પ્રાપ્ત અહેવાલ મુજબ હિન્દી ગીત નહી વગાડવામાં આવતા પંચોલી નારાજ થયો હતો. જેથી તેની ડીજે સાથે બોલાચાલી પણ થઈ હતી. ત્યારબાદ બાઉન્સર તેને દુર કરવા માટે પહોંચ્યા ત્યાર આદિત્ય પંચોલીએ તેમની સાથે મારામારી કરી હતી. મામલામાં પોલીસ ફરિયાદ કરવામાં આવ્યા બાદ પંચોલીની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે પંચોલી પબમાં હોબાળો કરી રહ્યો ત્યારે જ કોઈએ મોબાઈલ કેમેરામાં વિડિયો બનાવી લીધો હતો. આ વિડિયોમાં આદિત્ય પંચોલીની ડીજે સાથે બોલાચાલીની બાબતનો ઉલ્લેખ દેખાય છે. ડીજેએ આદિત્ય પંચોલીની વાત સ્વીકારી ન હતી. જેથી નારાજ થઈને આદિત્ય પંચોલીએ ત્યાં મુકવામાં આવેલા ડીજેને હાથ લગાવી દીધા હતા. તેના ખરાબ સ્વભાવના કારણે સ્થિતી વણસી ગઈ હતી.

## દિલ્હીમાં માર્ચમાં વરસાદનો ૧૫ વર્ષ જુનો રેકર્ડ તુટી ગયો

નવી દિલ્હી,તા. ૮

દિલ્હીમાં માર્ચ મહિનામાં ૧૧૫ વર્ષ જુનો હજુ સુધીનો સૌથી વધુ વરસાદનો રેકોર્ડ તુટી ગયો છે. માર્ચ મહિનામાં હજુ સુધી સૌથી વધુ વરસાદનો રેકોર્ડ વર્ષ ૧૯૧૫નો હતો. એ ગાળામાં સમગ્ર માર્ચ મહિનામાં ૭૮.૨ મીમી વરસાદ થયો હતો. પરંતુ શનિવારે સાંજ સુધી માર્ચ મહિનામાં ૭૯.૪ મીમી વરસાદ થયો છે. આમાં પહેલી અને બીજી માર્ચના દિવસે થયેલા વરસાદનો



સમાવેશ થાય છે. હજુ સુધી માર્ચ મહિનામાં માત્ર ત્રણ દિવસ જ વરસાદ થયો છે. જેના કારણે તમામ રેકોર્ડ તુટી ગયા છે. હવામાન વિભાગના નિષ્ણાંતો કહે છે કે છેલ્લા નવ વર્ષમાં ઠંડીના દિવસોમાં માર્ચ મહિનામાં આટલો વરસાદ ક્યારેય થયો નથી. આ પ્રકારનો વરસાદ સામાન્યરીતે મોનસુન દરમિયાન થાય છે. શનિવારે દિલ્હીમાં ૭.૬ મીમી વરસાદ થયો હતો. પહેલી અને બીજી માર્ચના દિવસે ૭૧.૮ મીમી વરસાદ થયો હતો. શનિવારે થયેલા વરસાદને જોડી દેવામાં આવે તો દિલ્હીમાં સમગ્ર ૧૦૦ વર્ષનો રેકોર્ડ તુટી ચુક્યો છે. પાલમમાં માર્ચ મહિનામાં ૯૧.૩ મીમી વરસાદ થયો હતો. લોદી રોડ પર ૯૩.૪ મીમી વરસાદ થયો હતો. હવામાન વિભાગે કહ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં માર્ચ મહિનામાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી હેરાન કરતા હતા. આ વર્ષે મજબુત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળી છે. સ્કાયમેટ વેદર સર્વિસેઝના હવામાન નિષ્ણાંત મહેશ પલાવતે કહ્યું છે કે આ વખતે માર્ચ મહિનામા આવનાર દિવસોમાં ઠંડા દિવસ નોંધાય તેવી શક્યતા છે. ૧૩ અને ૧૪મી માર્ચના દિવસે દિલ્હીમાં ફરી વરસાદ થઈ શકે છે. ૨૦મી માર્ચ સુધી દિલ્હીમાં વરસાદનો માહોલ રહેશે. છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રથમ વખત માર્ચના મહિનામાં આટલો વરસાદ થઈ રહ્યો છે. આ વખતે દિલ્હીની સાથે સાથે દેશના અન્ય રાજ્યોમાં પણ આ વખતે હાલમાં કમોસમી વરસાદ થયો છે. જેથી લોકો અને પાકને નુકસાન થયુ છે. એકબાજુ લોકો વધુ બિમારીમાં સપડાયા છે જ્યારે પાકને કમોસમી વરસાદથી નુકસાન થયું છે.